eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 217
February 26, 2010

## સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોનું પ્રદર્શનનો ઝોનવાઈઝ કાર્યક્રમ

સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉર્જા બચત અંગે સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોનું પ્રદર્શન નીચે મુજબના દિવસોએ કરવામાં આવનાર છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વ્યવસાય વેરા વસુલાતની કામગીરી

રાજય સરકારશ્રીએ શહેરી વિસ્તારની વ્યવસાય વેરા વસુલાતની કામગીરી સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરેલ છે. જે અંતર્ગત એનરોલમેન્ટ સર્ટી (**E. C.**) તથા કામે રાખનાર (એમ્પલોયર) **R.C.** કરદાતાઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેરઝોન વિસ્તારમાં "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી



ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય ૨૦૧૦ની સાલને સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. ગુજરાત સરકારશ્રીના આદેશ મુજબ મહાનગરપાલિકાઓમાં અલગ અલગ ક્ષેત્રની કામગીરી, સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા દ્વારા લિંબાયતઝોન વિસ્તારમાં "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી

સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય ૨૦૧૦ની સાલને સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. ગુજરાત સરકારશ્રીના આદેશ મુજબ મહાનગરપાલિકાઓમાં અલગ અલગ ક્ષેત્રની કામગીરી, સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવા જણાવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## હાઈડ્રોલિક વિભાગની કામગીરી

રાંદેર ઝોન વિસ્તારમાં, નંદનવન એપાર્ટમેન્ટમાં આવેલ દુકાન નં. ૪ના પાણીના કનેશન કરવાની કામગીરી દરમ્યાન, મ્યુ. કોર્પોરેશનના લાયસન્સ પ્લમ્બરશ્રી પરિમલ કે. લાડ, લાયસન્સ નંબર : સી. –૯૮, એ રાંદેર ઝોનને જાણ કર્યા વિના નળ કનેકશન કરવાની કામગીરી હાથ ધરેલ જે દરમ્યાન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ધ્વારા કોમર્શીયલ મિલકતોના બાકી વેરા પેટે વસૂલાત અભિયાન

પૂર્વઝોન (વરાછા) ના આકારણી અને વસૂલાત વિભાગ ધ્વારા કોમર્શીયલ મિલકતોના બાકી મિલકતવેરા વસુલી પેટે અભિયાન છેડવામાં આવેલ છે. જેમાં પ્રથમ ચરણમાં વરાછા મેઈન રોડ ઉપર આવેલ પોદરા આર્કેડ, યશ પ્લાઝા વિસ્તારના દુકાનોના બાકી વેરા પેટે પોદાર આર્કેડમાં આવેલ દુકાન નં. ૫૦૫ જોષી એક્ષ્પર્ટ, પ્રો. હેમંત સી. જોષીની માલિકીની દુકાનને સીલ મારવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોનું પ્રદર્શનનો ઝોનવાઈઝ કાર્યક્રમ

સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ઉર્જા બચત અંગે સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમ્યાન બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોનું પ્રદર્શન નીચે મુજબના દિવસોએ કરવામાં આવનાર છે.

| **અ.નં.** | **ઝોન** | **તારીખ** |
|---|---|---|
| 1. | લિંબાયત | 25/02/2010 |
| 2. | ઉધના | 04/03/2010 |
| 3. | અઠવા | 11/03/2010 |
| 4. | વરાછા | 18/03/2010 |
| 5. | સેન્ટ્રલ | 25/03/2010 |
| 6. | કતારગામ | 01/04/2010 |

આ પ્રદર્શનમાં ભાગ લેવા ઈચ્છુક બિનપરંપરાગત ઉર્જા તથા ઉર્જા બચત અંગેના ઉપકરણોના ઉત્પાદકો/વિક્રેતાઓને સંલગ્ન ઝોન કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વ્યવસાય વેરા વસુલાતની કામગીરી

રાજય સરકારશ્રીએ શહેરી વિસ્તારની વ્યવસાય વેરા વસુલાતની કામગીરી સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરેલ છે. જે અંતર્ગત એનરોલમેન્ટ સર્ટી (**E. C.**) તથા કામે રાખનાર (એમ્પલોયર) **R.C.** કરદાતાઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન આજદિન સુધી ૬૯૯૫૩ **E.C.** કરદાતાઓ પાસેથી રૂા. ૧૫.૯૬ કરોડ તેમજ ૧૧,૨૩૯ **R.C.** કરદાતાઓ પાસેથી રૂા. ૧૮.૩૬ કરોડ આમ કુલ રૂા. ૩૪.૩૨ કરોડની વસુલાત કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાએ નકકી કરેલ વાર્ષિક લક્ષ્યાંક મુજબ રૂા. ૩૭.૫૦ કરોડના લક્ષ્યાંકની સિધ્ધિ માટે તમામ ઝોન કક્ષાએ ડોર ટુ ડોર સર્વે કરી વસુલાત કામગીરી આરંભેલ છે. જે અંતર્ગત વ્યવસાય વેરા વસુલાત સેલના અધિકારી/કર્મચારીઓએ એન્જલ બ્રોકીંગ પ્રા. લી. પાસેથી રૂા. ૨,૧૦,૦૦૦/– તથા કોટક મહેન્દ્ર બેંક પાસેથી **R.C.** ના કુલ રૂા. ૮૫,૯૮૮/– આમ કુલ રૂા. ૨,૯૫,૯૮૮/– સ્થળ પર વસુલાત કરેલ છે. તેમજ ખાનગી વીમા કંપની આઈ.સી.આઈ.સી.આઈ. પ્રુડન્શીયલ વીમા કંપનીને આર.સી. નાણાં વસુલાત માટે નોટિસ ઈશ્યુ કરવામાં આવેલ છે. તમામ ઝોન ધ્વારા નોંધાયેલ કરદાતા પૈકી બાકી કરદાતાઓને ડિમાન્ડ નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે.

આગામી દિવસોમાં ઈન્ડસ્ટ્રીયલ એરિયા શોંપીગ મોલ્સ, ટેક્ષ માર્કેટો ડાઈંગ હાઉસો અને કોર્પોરેટ ઓફિસોમાં સર્વે કરી બાકીદારો સામે સઘન ઝુંબેશ હાથ ધરી ''મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯'' અન્વયે બાકી કસુરવારની સ્થાવર જંગમ મિલ્કત જપ્ત કરવા, તથા બેંક એકાઉન્ટ સીઝ કરવા સહિતની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

હજુ પણ જે કરદાતાઓએ વ્યવસાયવેરા કાયદા અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય કે વ્યવસાયવેરાના નાણા ભરપાઈ કરવાના બાકી હોય, તેઓએ તાકીદે લાગત ઝોન ઓફિસના ગુમાસ્તાધારા અને આકારણી વિભાગનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. તેમજ આ સંદર્ભે વધુ જાણકારી માટે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી કાર્યરત રૂમ નં. ૭૦ ''પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ'' નો સંપર્ક સાધવા માટે મહાનગરપાલિકાની અખબાર યાદીમાં જણાવવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેરઝોન વિસ્તારમાં "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી



ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય ૨૦૧૦ની સાલને સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. ગુજરાત સરકારશ્રીના આદેશ મુજબ મહાનગરપાલિકાઓમાં અલગ અલગ ક્ષેત્રની કામગીરી, સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવા જણાવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા રાંદેર ઝોન વિસ્તારમાં તા. ૧૪.૨.૨૦૧૦ થી ૨૦.૨.૨૦૧૦ દરમ્યાન સામુહિક સફાઈ ઝુંબેશ, સ્વચ્છ જળની જાળવણી, અને પાણીનો કરકસર યુકત ઉપયોગ, ગરીબ/પછાત વિસ્તારો માટે આરોગ્ય તેમજ સફાઈ માટેના કાર્યક્રમો, ગ્રીન સુરત હરીયાળુ સુરત, ઉર્જા બચત તથા ઉર્જાના વૈકલ્પીક સ્તોત્રો, ટ્રાફીક વ્યવસ્થાપન, વય વંદના અને ઋણ સ્વીકાર જેવા વિવિધ કાર્યક્રમોનું જુદી જુદી સંસ્થાઓના સહયોગમાં રહી આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૦.૨.૨૦૧૦ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કોમ્યુનિટી હોલ, દિવાળી બાગ સોસા. પાસે, અડાજણ પાટીયા ખાતે રાંદેરઝોનમાં આવેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર/રંગપુરણી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં અંદાજે ૨૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યાર બાદ ૧૨.૩૦ કલાકે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શીઘ્ર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૭.૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં મ્યુ.કમિશનરશ્રી કુ. એસ. અપર્ણાએ મંચસ્થ મહાનુભાવો, હાજર રહેલ નગરજનો, વિદ્યાર્થીઓ વિગેરે સર્વેને આવકાર્યા હતા.રાંદેરઝોન વિસ્તારના રહીશ સ્વાંતત્ર્યસેનાની શ્રી શાંતાબેન રમણલાલ મકવાણા,શ્રી છોટુભાઈ લાલભાઈ પટેલ,શ્રી ઠાકોરભાઈ ડાહયાભાઈ પટેલ તેમજ રમત ગમત તથા અન્યક્ષત્રે રાષ્ટ્રીય તેમજ રાજયકક્ષાએ વિજેતા થનાર આ ઝોનના ૧૨ વ્યકિતઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. મા.મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે સુરતને ગુજરાત રાજયના સિંગાપોરનુ બિરુદ આપી આ સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીને સફળ આયોજનની પ્રશંસા કરી હતી. મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી હેઠળ લેવાયેલ વિવિધ સંકલ્પોનો અમલ કરી શહેરની વિકાસગાથાને અવિરત ચાલુ રાખી સહભાગી થવા નગરજનોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાળા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષનેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, રાંદેર ઝોન વિસ્તારના મ્યુ.સભ્યશ્રીઓ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.રાંદેર ઝોન વિસ્તારમા આવેલ વી.ડી.દેસાઈ વાડીવાલા–ભુલકાભવન સ્કૂલ અને એચ.વી. સ્વામિનારાયણ સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી હતી.





ઉપર મુજબ હવે પછી તા. ૨૧/૨/૨૦૧૦ થી ૨૭/૨/૨૦૧૦ દરમ્યાન લિંબાયત ઝોન વિસ્તારમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જેમાં લિંબાયત ઝોન વિસ્તારના નગરજનોને સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા લિંબાયતઝોન વિસ્તારમાં "સ્વર્ણિમ ગુજરાત વર્ષ–૨૦૧૦" ની ઉજવણી



સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતા હોય ૨૦૧૦ની સાલને સ્વર્ણિમ ગુજરાત વર્ષ તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. ગુજરાત સરકારશ્રીના આદેશ મુજબ મહાનગરપાલિકાઓમાં અલગ અલગ ક્ષેત્રની કામગીરી, સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું આયોજન કરવા જણાવેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા લિંબાયતઝોન વિસ્તારમાં તા.૨૧.૨.૨૦૧૦ થી ૨૭.૨.૨૦૧૦ દરમ્યાન સામુહિક સફાઈ ઝુંબેશ, સ્વચ્છ જળની જાળવણી, અને પાણીનો કરકસર યુકત ઉપયોગ, ગરીબ/પછાત વિસ્તારો માટે આરોગ્ય તેમજ સફાઈ માટેના કાર્યક્રમો, ગ્રીન સુરત હરીયાળુ સુરત, ઉર્જા બચત તથા ઉર્જાના વૈકલ્પીક સ્તોત્રો, ટ્રાફીક વ્યવસ્થાપન, વય વંદના અને ઋણ સ્વીકાર જેવા વિવિધ કાર્યક્રમોનું જુદી જુદી સંસ્થાઓના સહયોગમાં રહી આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૧.૨.૨૦૧૦ના રોજ સવારે ૮.૩૦ કલાકે લિંબાયતઝોનમાં મીઠી ખાડી પુલ પાસેથી શહીદ ભગતસિંહ ચોક,મારૂતિનગર, લિંબાયત ખાતે આ ઝોનમાં આવેલ શાળાના વિદ્યાર્થીઓની વિશાળ રેલીને મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. વિદ્યાર્થીઓએ સફાઈ તથા હરિયાળા સુરત આધારિત વિવિધ સ્લોગનોનું



ઉચ્ચારણ કરી શહીદ ભગતસિંહ ચોક પાસે સામુહિક સફાઈ અભિયાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં લિંબાયત ઝોન વિસ્તારના વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ, સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.મા.મેયરશ્રીએ હાજર રહેલ નગરજનોને સફાઈ તથા આરોગ્ય બાબતે સુરત મહાનગરપાલિકાના ધ્વારા લેવાતા પગલાઓમાં સહયોગ આપવા વિનંતી કરી હતી. આમ આ વિસ્તારમાં આરોગ્ય અને સફાઈ બાબતે લોક જાગૃતિનો માહોલ ઉભો કરી કાયમ માટે આ વિસ્તાર સ્વચ્છ રહે તે માટેનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ઉપર મુજબ હવે પછી તા. ૨૧/૨/૨૦૧૦ થી ૨૭/૨/૨૦૧૦ દરમ્યાન લિંબાયત ઝોન વિસ્તારમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જેમાં લિંબાયત ઝોન વિસ્તારના નગરજનોને સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

TOP

## હાઈડ્રોલિક વિભાગની કામગીરી

રાંદેર ઝોન વિસ્તારમાં, નંદનવન એપાર્ટમેન્ટમાં આવેલ દુકાન નં. ૪ના પાણીના કનેશન કરવાની કામગીરી દરમ્યાન, મ્યુ. કોર્પોરેશનના લાયસન્સ પ્લમ્બરશ્રી પરિમલ કે. લાડ, લાયસન્સ નંબર : સી. –૯૮, એ રાંદેર ઝોનને જાણ કર્યા વિના નળ કનેકશન કરવાની કામગીરી હાથ ધરેલ જે દરમ્યાન, આ પ્લમ્બર મારફત બેદરકારી દાખવી પાણીની લાઈનને બદલે ગુજરાત ગેસની ચાલુ લાઈનમાં કાણું પાડી, ગંભીર નુકશાન કરેલ અને સદનસીબે મોટો/ ગંભીર / જીવલેણ અકસ્માત થતો રહી ગયેલ.

આ બાબતની વિગત હોવાથી હાઈડ્રોલિક ખાતા મારફત સખ્ત પગલા ભરી પ્લમ્બરનું લાયસન્સ તાકીદની અસરથી રદ કરવામાં આવેલ છે. તથા તેની જાણ તમામ ઝોનમાં કરવામાં આવેલ છે. આ પ્રકારની બેદરકારી સામે ત્વરિત કડક પગલાં ભરવામાં આવેલ છે. વધુમાં આ પ્રકારના અકસ્માતો નિવારી શકાય અને ઈજારદારો તથા પ્લમ્બરોને માર્ગદર્શન મળે તે હેતુસર તા. ૨૪–૦૨–૨૦૧ના રોજ બપોરે ૩–૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવન ખાતે એક ખોદકામ અંગેની સેફટી વિષયક એક વર્કશોપ/ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા સુરત મહાનગરપાલિકાના તમામ લાયસન્સ પ્લમ્બરો તથા તમામ ઈજારદારોને હાજરોને હાજર રહેવા સુચીત કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વઝોન (વરાછા) ધ્વારા કોમર્શીયલ મિલકતોના બાકી વેરા પેટે વસૂલાત અભિયાન

પૂર્વઝોન (વરાછા) ના આકારણી અને વસૂલાત વિભાગ ધ્વારા કોમર્શીયલ મિલકતોના બાકી મિલકતવેરા વસુલી પેટે અભિયાન છેડવામાં આવેલ છે. જેમાં પ્રથમ ચરણમાં વરાછા મેઈન રોડ ઉપર આવેલ પોદરા આર્કેડ, યશ પ્લાઝા વિસ્તારના દુકાનોના બાકી વેરા પેટે પોદાર આર્કેડમાં આવેલ દુકાન નં. ૫૦૫ જોષી એક્ષ્પર્ટ, પ્રો. હેમંત સી. જોષીની માલિકીની દુકાનને સીલ મારવામાં આવેલ છે. પોદાર આર્કેડ આવેલ અન્ય બાકીદારો વેરો ભરવામાં અખાડા કરતા સીલ મારવાની ચીમકી આપતાં સ્થળ ઉપર રૂા. ૧.૬૭ લાખ જેટલો વેરો ભરપાઈ કરી દીધેલ છે. જેમાં નોકીયા પ્રાયોરીટી દુકાન નં. ૩૩૭, ૩૩૮, ૩૧૨ થી ૩૧૮નો પણ સમાવેશ થાય છે. તેજ રીતે યશ પ્લાઝા કોમ્પલેક્ષમાં પણ આવેલ કોમર્શીયલ મિલકતોના બાકી વેરા પેટે રૂા. ૬૫,૦૦૦/– નો વેરો સ્થળ ઉપર વસુલ કરવામાં આવેલ છે. તેમજ બપોરે ૨.૦૦ વાગયા સુધીમાં ઝોન કચેરી ઉપર રૂા. ૮,૦૦,૦૦૦/– (રૂપિયા આઠ લાખ) જેટલી વસૂલાત થયેલ છે.

વધુમાં વરાછાઝોનના કસુરદાર કરદાતાઓને તાકીદ કરવામાં આવે છે કે, આવનાર દિવસોમાં વરાછા ઝોન ધ્વારા બાકીદારોની સામે કડક વસૂલાત કરવાની કાર્યવાહી કરવામાં આવનાર છે. જેમાં મિલકતની જપ્તિ, મિલકતની હરાજી, નળ કનેકશનની કપાત જેવાં કડક પગલાં લેવામાં આવનાર છે.

વધુમાં વરાછા વિસ્તારનાં કરદાતાઓને અપીલ કરવામાં આવે છે કે, તેમનો બાકી વેરો તાકીદે ભરી દેવો. જાહેર રજાઓના દિવસો દરમ્યાન પણ સીટી સીવીક સેન્ટર તથા ઝોન કચેરીઓ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. જેનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

TOP